### પાલનપુરના પ્રમાણિક રીક્ષાચાલકે બિનવારસી

# નવ તોલા સોનાના દાગીના ભરેલી થેલી મૂળ માલિકને પરત કરી

### દાગીના સલામત રીતે પરત મળતા રીક્ષાચાલકને ફુલહાર પહેરવી રોકડ ૧૦ હજારનું ઇનામ આપી સન્માન કરાયું

પાલનપુર રીક્ષા ચાલકે રસ્તા મળેલ નવ તોલા ના દાગીના ની થેલી મૂળ મલિક ને પરત કરી કળયુગમાં માં પણ પ્રમાણિકતા ના દર્શન કરાવ્યા છેસાળા લગ્ન હોવાથી હિતેશભાઈ પ્રજાપતિ બાઈક પર થેલી રાખી પાલનપુર શહેર માં અમીર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન દાગીના ભરેલી થેલી પડી ગઈ હતી જેની ખબર પણ નહોતી પડીઆ રોડ પરથી પસાર થતા રીક્ષા ચાલક જીગર પરમાર ને નવ તોલા ભરેલી દાગીના ની થેલી મળી હતી આ વાત જાણ રેડીમેડ ની દુકાન માં નોકરી કરતા એના કાકા સતિષભાઈ પરમાર ને કરી હતી અને સતિષભાઈ એ આ વાત જાણ તેમના શેઠ ના કરી હતો.

જો કે અંતે મૂળ માલિક ની જાણ થતાં ગઈકાલે મળેલી નવ તોલા ભરેલી દાગીનાની થેલી આજે હરેશભાઈ પ્રજાપતિ ને સોંપવામાં આવી હતીસવા ત્રણ તોલાનું મંગળસૂત્ર,સાડા ત્રણ તોલાનું હાર અને એક તોલા નું ડોક્યુ અને બુટ્ટી આમ નવ તોલા દાગીના ના પરત કરનાર પ્રમાણિક રીક્ષા ચાલક ને પુષ્પ ગુચ્છ ,હાર પહેરાવી ૧૦ હજાર નું ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યો હતો આવા કળયુગ માં જ્યાં બીજા પાસેથી પડાવી લેવાની લાલચ માનવતા નું પણ ખુન કરી દેવાની અનેક ઘટના પ્રકાશમાં આવતી હોય છે એવા સમય પ્રમાણિક દાખવનાર રીક્ષા ચાલક જીગર પરમાર એ પાલનપુર શહેર રીક્ષા ચાલકોનું સન્માન વધાર્યું છે.





# દૈયપ-પાલનપુર એસ.ટી. બસના સમયમાં ફેરફાર કરવા માંગ

સરહદી બનાસકાંઠા જિલ્લાના છેક છેવાડાના અને સરહદને અડીને આવેલા વિસ્તારને જિલ્લા મથક પાલનપુર સાથે સાંકળી લેવા તેમજ સરહદી - છેક છેવાડાના પ્રજાજનોને જિલ્લાના મુખ્ય શહેરમાં આવવા જવા માટે પાલનપુરથી દૈયપ જવા માટે ૨ બસો ચલાવવામાં આવે છે. બંને બસોને પૂરતું ટ્રાફિક મળી રહે છે. તેમજ આ બંને બસોના કારણે જિલ્લાના સરહદી, અંતરિયાળ અને આંતરરાજ્ય સરહદ તેમજ રાષ્ટ્રીય સરહદને અડીને આવેલાં ગામોનાં ગ્રામજનોને મુખ્ય શહેરમાં પોતાનાં સરકારી કામો તેમજ અન્ય જીવન જરૂરીયાત તેમજ ખેતી માટે ખરીદી કરવા આવવા - જવા માટે બહુ જ સુંદર વ્યવસ્થા ગણવામાં આવે છે તેમજ છેવાડાના વિસ્તારના કેટલાય વિદ્યાર્થીઓ આ બંને બસનો લાભ મેળવીને ઉચ્ચ અભ્યાસ પણ કરી ચૂક્યાં છે તો કેટલાય યુવાનો વિવિધ ક્ષેત્રોમાં ફરજા બજાવી રહ્યાં છે.

જોકે, છેલ્લા કેટલાય સમયથી આ બસોના સમયમાં થોડો ફેરફાર કરવા માટે ગ્રામજનો તેમજ દૈયપથી વાવ સુધીનાં રૂટમાં આવતાં ગામડાંઓનાં પ્રજાજનોની માંગ ઉઠવા પામી છે જે મુજબ સવારે ૬-૦૦ વાગ્યે ઉપડતી દૈયપ પાલનપુરની બસને જા ૬-૪૫ અથવા ૭-૦૦ વાગ્યે રવાના કરવામાં આવે તો કેટલાય ગામોના મુસાફરોને પ્રાઈવેટ વાહનોમાં જીવના જાખમે મુસાફરી ન કરવી પડે તેમજ વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ અભ્યાસ માટે થરાદ - વાવ વિગેરે શહેરોમાં જવા માટે સવલત જળવાઈ રહે હાલના સમયે સવારે ૫-૪૫થી ૬-૦૦ વાગ્યાના સમયે દૈયપ - પાલનપુરની બસ ઉપડી જાય છે જેના કારણે દૈયપથી વાવ સુધી રૂટમાં આવતાં ગામડાંના મુસાફરોને આ બસનો લાભ મળતો નથી તેમજ મુસાફરોને જીવના જાખમે ૭-૦૦ વાગ્યા પછી મળતાં પ્રાઈવેટ વાહનોમાં મુસાફરી કરવાની ફરજ પડે છે આ અંગે ઉચ્ચ સત્તાવાળા અધિકારીઓ યોગ્ય સમય બદલી આપે તેવી સરહદી વિસ્તારના મુસાફરોની પ્રચંડ માંગ ઉઠવા પામી છે.

# કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતનું બજેટ બહુમતીએ મંજુર

### વર્ષ ૨૦૧૯-૨૦ નું રૂ.૫૦.૬૨ કરોડનું બજેટ મંજુર : વિધવા માતાના ૦ થી ૧૬ વર્ષના બાળકોને ગણવેશ અને પુસ્તકો અને પુરવણીનું વિતરણ કરાશે



કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની આજ રોજ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં સને- ૨૦૧૯-૨૦ નું રૂ.૫૦,૬૨, ૯૦,૨૪૪ નું બજેટ રજૂ કરાયું હતું. જે બજેટ વિપક્ષના વિરોધ વચ્ચે બહુમતિના જોરે મંજુર કરાયું હતું.

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સામાન્ય સભા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સભાગૃહમાં યોજાઈ હતી. જીલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ધાડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સાધારણ સભામાં વર્ષ ૨૦૧૯-૨૦ નું બજેટ રજૂ કરાયું હતું. રૂ.૫૦.૬૨ કરોડના બજેટને શાસક પક્ષ કોંગ્રેસ દ્વારા બહુમતીના જોરે મંજુર કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા પંચાયતના આ બજેટમાં બાંધકામ, શિક્ષણ, સામાજિક કલ્યાણ, આરોગ્ય, ખેતીવાડી, પશુપાલન અને સિંચાઈ જેવી બાબતોને અગ્રીમતા અપાઈ હતી. જોકે, વિપક્ષ ભાજપના સામાન્ય વિરોધ વચ્ચે આજની બજેટ બેઠક બહુમતિએ શાંતિપૂર્વક સંપન્ન થતા શાસક પક્ષ કોંગ્રેસે હાશકારો અનુભવ્યો હતો.

#### વિધવા માતાના બાળકો માટે જોગવાઈ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિધવા માતાના ૦થી૧૬ વર્ષના બાળકોને ગણવેશ, ચોપડા અને પુસ્તકો આપવા તથા ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકો કે જેઓ પોતાના ખર્ચે પુરવણી ખરીદતા હતા. તે જિલ્લા પંચાયત દ્વારા આપવાની વિશેષ જોગવાઈ કરાઈ હોવાનું પ્રમુખ પીનાબેન ધાડિયાએ જણાવ્યું હતું. આ ઉપરાંત ખેડૂત અને મહિલા જાગૃતિ શિબિરો કરવા પર ભાર મુકાયો હતો. તદુપરાંત જીલ્લા પંચાયતના જર્જરીત કવાર્ટરનો નાશ કરી નવા કવાર્ટર બનાવવા જોગવાઈ કરવામા આવી હતી.

#### ખેતી, પશુપાલન અને સિંચાઈ ક્ષેત્રને મામુલી રકમ ફાળવાઈ

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયત દ્વારા રજૂ થયેલા બજેટમા બાંધકામ ક્ષેત્રે ૧.૦૮ કરોડ, પંચાયત અને વિકાસ ક્ષેત્રે ૬.૭૧ કરોડ તેમજ આરોગ્ય ક્ષેત્રે ૧૬.૭૫ લાખની જોગવાઈ કરાઈ છે. જ્યારે ખેતી, પશુપાલન અને સિંચાઈ ક્ષેત્રે મામુલી રકમની જોગવાઈ કરાઈ હોવાનો ગણગણાટ જોવા મળ્યો હતો.

# આજે મોડાસામાં મુખ્યમંત્રીના હસ્તે વિવિધ કચેરીઓનું લોકાર્પણ

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં વિવિધ નવનિર્મિત કચેરીઓના લોકાર્પણ સહિતના વિવિધ કામોના લોકાર્પણ માટે આજરોજ શુક્રવારે ત.૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૦ કલાકે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મોડાસા ખાતે યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત રહેશે.

મોડાસામાં જી.ઇ.સી. સરકારી કોલેજ હોસ્ટેલ પાછળ આવેલ મેદાનમાં યોજાનાર આ લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, વન અને આદિજાતિ વિકાસ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર અને અતિથિવિશેષ તરીકે સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, જિલ્લાના ધારાસભ્યો ધવલસિંહ ઝાલા, બાયડ, રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસા અને ડૉ. અનિલ જોષીયારા, ભિલોડા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં જેનુ લોકાર્પણ થવાનું છે તેમાં નવ નિર્મિત પોલીસ અધિક્ષક કચેરી, મોડાસા, મોડાસા તાલુકા પંચાયત ભવન, પ્રયોજના વહીવટીદાર આદિજાતિ કચેરી, શામળાજી અને એકલવ્ય મોડલ સ્કૂલ(મોંઘરી)નો સમાવેશ થાય છે. આ અંગે જિલ્લા કલેકટર એમ. નાગરાજન, જિ.વિ. અધિકારી ડૉ. હર્ષિત ગોસાવી, જિલ્લા પોલીસ વડા મયુર પાટીલ સહિતના અધિકારીઓ અને વહીવટીતંત્ર દ્વારા આ કાર્યક્રમ અંગે સઘળી તૈયારીઓ કરવામાં આવી છે.

## મોડાસાના ધારાસભ્યે મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખી આરોગ્ય કર્મચારીઓની પડતર માંગણીને ન્યાયની માંગ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી વિવિધ લોકાર્પણના કર્યો માટે આવી રહ્યા છે. ત્યારે મોડાસા-ધનસુરાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે જીલ્લા પંચાયત આરોગ્ય કર્મચારીઓ તેમની વિવિધ માંગો અને પડતર પ્રશ્નોને લઈને આંદોલન ચલાવી રહ્યા છે. તેમના સમર્થનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી આરોગ્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે હકારાત્મક કાર્યવાહી કરી માંગણીઓ સ્વીકારવા રજુઆત કરી છે. અરવલ્લી જીલ્લાના આરોગ્ય કર્મચારીઓએ મુખ્યમંત્રીના આગમનના બે દિવસ પહેલા મોડાસાના કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની મુલાકાત કરી આવેદનપત્ર આપી પંચાયત હેઠળ આરોગ્ય કર્મચારીઓની પડતર માંગણીઓ સંદર્ભ ૧ થી ૧૩ પ્રશ્નો લઈને રાજ્ય સરકાર સામે આંદોલન ચલાવી રહ્યા છે, પરંતુ રાજ્ય સરકાર તરફથી હકારાત્મક કે યોગ્ય ન્યાય ન મળતા રજુઆત કરતા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે મુખ્યમંત્રી વિજય રૂપાણીને આરોગ્ય કર્મચારીઓની માંગ સ્વીકારવા પત્ર લખી સત્વરે આરોગ્ય કર્મચારીઓની ન્યાયની માંગ કરી હતી.

## રેલવે પોલીસના માધ્યમથી પરિવારથી વિખુટી પડેલી મહિલાનું મિલન

પાલનપુર રેલવે પોલીસના માધ્યમથી કડી થી તેર દિવસ અગાઉ અચાનક ગુમ થયેલી મહિલાનું આજે તેના પરીવાર સાથે સુખદ મિલન થતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.



પ્રાપ્ત વિગતો મુજબ, કડી ના રહેવાસી અને સિંગ ચણાના વેપારી બદ્રીલાલ પ્રજાપતિની પત્ની સંતોષબેન ગત ૧ ફેબ્રુઆરી એ ગુમ થઈ હતી. જેની કડી પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હતી.

ઘરેથી ગુમ થયેલ મહિલાના ફોટા સાથે ના પોસ્ટર પાલનપુર રેલવ સ્ટેશન પર લાગવામાં આવ્યા હતા. ત્યારે ફરજ બજાવતા ગુજરાત રેલવે પોલિસ કર્મી શામળ ભાઈ ચૌધરીની સતર્કતાના લીધે મુસાફર હોલમાં ઉભેલી આ મહિલાને ઓળખી લેતા તેના પરિવાર ને જાણ કરી હતી. જેના પગલે ગુમ થયેલી મહિલા સંતોષ બેન ના પતિ પાલનપુર રેલવે પોલીસ આવી પહોંચ્યા હતા. જ્યાં રેલવે પોલીસ ની હાજરી માં જરૂરી ડોક્યુમેન્ટ લઈને મહિલાનું તેના પતિ બદ્રીલાલ પ્રજાપતી સાથે મિલન થતા તેમની આંખો મા હર્ષ ના આંસુ આવ્યા હતા.

## ધાનેરા પો.સ્ટે વિસ્તારમાંથી વરલી મટકાનો જુગાર રમતાં ઝડપાયા

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠા પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુળ સાહેબે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતાં ઇ/ઝ પો.ઈન્સ. પી.એલ. વાઘેલા એલ.સી. બી પાલનપુરનાઓના માર્ગદર્શન મુજબ એલસીબી સ્ટાફના કુલદીપસિંહ,નિકુલસિંહ, મીલનદાસની ટિમે ધાનેરા પો.સ્ટે વિસ્તારમાં ધાનેરા ટાઉનમાં બાતમી હકીકત આધારે વરલી મટકાની રેઈડ કરતાં ચાર ઈસમોને પકડી પાડેલ છે.

તનવિર મહોમદ બેલીમ રહે.ધાનેરા સિકંદરખાન સુમારભાઈ સિન્ધી રહે.ધાનેરા વસીમભાઈ મહેબુબભાઈ મેવાતી રહે. ધાનેરા અમરતભાઈ સોનાજી પ્રજાપતિ રહે.ધાનેરા વાળાઓ પકડાઈ જતા એમની પાસેથી રોકડ રૂપિયા ૧૪,૧૨૦ તથા જુગારના સાહિત્ય સાથે એમ કુલ કિં. રૂપિયા ૧૪,૧૨૦નો મુદ્દામાલ કબજે કરેલ છે તમામ વિરૂધ્ધ ધાનેરા પો.સ્ટે. કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# પાલનપુરના સીમલાગેટ વિસ્તારમાં દબાણો દૂર કરાવવા જતા હોબાળો

### પાલિકાની ટીમ અને લારી ધારકો આમને-સામને આવી જતા પોલીસે કરી દરમિયાનગીરી

પાલનપુર શહેરના સિમલાગેટ વિસ્તારમાં લારીધારકોના દબાણો દૂર કરાવવા ગયેલી પાલિકાની ટિમ સામે દબાણદારોએ હોબાળો મચાવતા પોલીસને દોડી આવી દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી.



પાલનપુરના સિમલાગેટ થી રેલવે સ્ટેશન વિસ્તારમાં જાહેર માર્ગો પર લારી ધારકો શાકભાજી વેચવા માટે ઉભા રહેતા હતા. પરંતુ રસ્તા વચ્ચે ટ્રાફિકને અડચણ રૂપ બનતા પાલિકા તેમજ પોલીસે તેમને સિમલાગેટ વિસ્તારમાં જ અંદરના ભાગે એક જગ્યા ફાળવી હતી. પરંતુ આ જગ્યામાં માત્ર ૫૦ લારીઓ જ ઉભી રહી શકે તેમ હતી. જ્યારે આ વિસ્તાર માં ૧૦૦ ઉપરાંત ની લારીઓ હોવાથી બાકીના લારી ધારકો રસ્તા વચ્ચે ઉભા રહેતા સ્થાનિક રહીશો તેમજ વેપારીઓ દ્વારા સીએમ ઓનલાઈનમાં રજૂઆત કરવામાં આવી હતી.

જે રજુઆતમાં જણાવાયું હતું કે લારી ધારકોને ઉભા રહેવાથી અમે અમારા ઘરે તેમજ દુકાને વાહનો લઈને આવ જા કરી શકતા નથી. જેને પગલે ગતરોજ પાલિકાની ટીમ આવા લારી ધારકો સામે કાર્યવાહી કરવા નીકળી હતી. પરંતુ લારીધારકોએ પાલિકાની ટીમ સામે ભારે હોબાળો મચાવ્યો હતો .જેને લઈને પાલિકાની ટીમે પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. જ્યારે પોલીસે ત્યાં આવીને રસ્તા વચ્ચે ઉભા રહેતા લારી ધારકોને હટાવીને માર્ગ ખુલ્લો કર્યો હતો. પરંતુ પાલિકા અને પોલીસ ની ટિમ જતા રહ્યા બાદ થોડા જ સમયમાં ફરીથી લારી ધારકો ત્યાં આવીને ઉભા રહી જતાં સ્થાનિક વેપારીઓમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી.

# પાલનપુરની ઉપાસના સ્કૂલના લાપત્તા બે વિદ્યાર્થીઓને પોલીસે શોધી કાઢ્યા

પાલનપુર ખાતે કાર્યરત ઉપાસના વિદ્યાલયમાં અભ્યાસ કરતા બે બાળકો અચાનક ગુમ થયા હતા. જે અંગે પોલીસ જાણ કરવામાં આવતા પોલીસે લાપત્તા સઘન શોધખોળ હાથ ધરતા ગણતરીના કલાકોમાં બંને બાળકોને શોધી કાઢ્યા હતા.



પાલનપુરની ઉપાસના સ્કૂલમાં મોક્ષીલ ગીરીશભાઈ પટેલ (રહે.ચડોતર) અને વિક્રમગીરી વસંતગીરી (રહે.મડાણા એસ.આર.પી.કેમ્પ) નામના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે બંને વિદ્યાર્થી મંગળવાર સવારે ૧૧ કલાકે સ્કૂલના દરવાજા આગળ કોઈને કહ્યા વિના ક્યાંક ચાલી ગયા હતા. જે વિદ્યાર્થીઓ સ્કૂલમાં ન પહોંચતા અને ઘરેથી સ્કુલે આવ્યા હોવાનું જાણવા મળતા આ મામલે પશ્ચિમ પોલીસને જાણ કરવામાં આવતા પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ એ ટીમ સાથે લાપત્તા બાળકોની સઘન શોધખોળ હાથ હતી. જેમાં પોલીસે ગણતરીના કલાકોમાં બંને ગુમ બાળકોને ગુરુનાનક ચોક પાસેથી શોધી કાઢીને તેમના પરિવારજનો ને સુપ્રત કરતા તેમના પરિવારજનો સહિત શાળા પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવવા ખેડૂતો અને દિવ્યાંગ ખેડૂતો કતારમાં

મોડાસા, તા. ૧૪

કેન્દ્રમાં સત્તામાં રહેલી ભાજપ સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓમાં ખેડૂતોને પાક ઉપજના બમણા ભાવ આપવાના વાયદા કરવામાં આવ્યા હતા. પરંતુ ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતો આત્મહત્યા કરવા મજબુર બન્યા છે. ત્યારે આગામી ટૂંક સમયમાં લોકસભા-૨૦૧૯ ચૂંટણી યોજાનાર છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલમાં મુકી ૨ હેકટરથી ઓછી જમીન ધરાવતાં ખેડૂતોને ૬૦૦૦ વાર્ષિક નાણાં ખાતામાં જમા કરવાની જાહેરાત કરી છે. જેની અમલવારી માટે અરવલ્લી જિલ્લાનું પ્રશાસન દોડતું થયુ છે. મોડાસા મામલતદાર કચેરીમાં ખેડૂતો ઉતારા મેળવવા લાંબી કતારોમાં ગોઠવાયા હતા. દિવ્યાંગ ખેડૂતોની હાલત કફોડી બનતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ ખેડૂતોમાં અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. જિલ્લાભરના ખેડૂતો ઉતારા મેળવવા ભારે રઝળપાટ કરવી પડતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.





લોકસભાની ચૂંટણી પહેલા ખેડૂતોનાં ખાતામાં યોજનાનો પ્રથમ હપ્તો પડી જાય તે હેતુથી

● અનુસંધાન પાના - ૭ પર

### જિલ્લાના અધિકારીઓને સ્ટેન્ડ ટુના આદેશ કરાયા

યોજના અંતર્ગત મહત્તમ ખેડૂતોને લાભ આપવા માટે જિલ્લાનું વહીવટી પ્રશાસન કામે લાગ્યું છે. ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલી રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં પંચાયત દીઠ ૧૦૦૦ દૈનિક ખેડૂતોના રજીસ્ટ્રેશન કરાવવા માટે જિલ્લાના મોટા ભાગના અધિકારીઓને સ્ટેન્ડ ટુ રહેવાના આદેશો જીલ્લા કલેકટર દ્વારા કરી દેવાયા છે. પરિણામે અધિકારીઓ વહેલી સવારથી મોડી સાંજ સુધી ગામે ગામ ઓબ્ઝર્વેશન હાથ ધરી મહત્તમ ખેડૂતોને લાભ આપવા મથી રહ્યાં છે.

### અરવલ્લી જીલ્લામાં ૨૨,૯૨૨ વધુ ખેડૂતોના રજીસ્ટ્રેશન કરાયા

અપૂરતા ઓપરેટરો તેમજ ટેક્નિકલ ખામીઓને કારણે ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં ભિલોડામાં ૩૯૨૯, મેઘરજમાં ૨૫૮૯, મોડાસા ૩૬૪૨, ધનસુરા ૨૪૬૯, માલપુર ૫૩૭૩, બાયડ-૪૯૨૦ ખેડૂતો મળી કુલ ૨૨,૯૨૨ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યાં હતા.

### યોજનાનું ખોટું અર્થઘટન કરી ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી રહ્યાં છે

પાક કિસાન યોજના અનુસાર એક ખેડૂત કુટુંબ એક કરાતાં વધું રેવન્યુ એકમોમાં જમીન ધરાવતાં હોય તો તેવા કિસ્સામાં તે તમામ જમીનની ગણતરી ધ્યાને લઈ ૨ હેકટરની મર્યાદામાં ખેડૂતોને યોજનાનો લાભ મળવા પાત્ર થાય છે. આ નિયમનું ખોટું અર્થઘટન કરી એકથી વધુ ખાતા નંબર ધરાવતાં ખેડુતો માત્ર ૨ હેકટરની મર્યાદા વાળા ખાતા નંબરની નોંધણી કરાવી રહ્યાં છે. આ અંગે જીલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું હતુ કે આમ કરનાર ખેડુતોને આધાર લિંક થાતાંની સાથે જ તમામ જમીન જનરેટ થશે અને તે ખેડૂત યોજનાનો લાભ મેળવવા પાત્ર ગણાશે નહી. જો ખેડૂતનાં ખાતામાં યોજનાના નાણાં જમા થઈ જશે તો તે કિસ્સામાં દંડ સાથે રિકવરી પણ ભરવી પડે તો નવાઈ નહી.